# બાળકો માટે

CHILD LINE 1098 NIGHT & DAY

**મુશ્કેલીમાં મુકાયેલા**
**બાળકો માટે ઈમરજન્સી સેવા**

શૈશવ
બાળ અધિકાર સંસ્થા

## ડાયલ કરો : ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પ લાઈન...

બાળકના પ્રશ્ન અંગે ઈમરજન્સી ફોન હેલ્પ લાઈન
બાળક ફોન કરે, મિત્ર ફોન કરે, હિતેચ્છુ અને વડીલો ફોન કરી શકે.

- બાળક બિમાર હોય અને તે એકલો હોય, કાળજી રાખનાર ન હોય,
- બાળકને આશરાની જરૂર હોય,
- બાળકને ત્યજી દેવામાં આવ્યો હોય અથવા ગુમ થયો હોય, શોષણ થયુ હોય કે પછી અપહરણ થયું હોય,
- બાળકની મારપીટ થઈ હોય,
- બાળકના વિકાસના માનસિક અને સામાજિક પ્રશ્નો હોય,
- બાળક તણાવમાં હોય, ચિંતાગ્રસ્ત હોય, ભણતરનું દબાણ હોય,
- બીક લાગતી હોય.

**બાળકના પ્રશ્નો અંગે...બાળકની ફોન હેલ્પ લાઈન ૨૪ કલાક સેવામાં**

**બાળકોના પ્રશ્નો અંગે કાઉન્સલીંગ સેન્ટરની સેવાઓ પણ અહિં ઉપલબ્ધ છે.**

કેન્દ્રસરકારના મહિલા અને બાળવિકાસ મંત્રાલય, ચાઈલ્ડ લાઈન ઈન્ડિયા ફાઉન્ડેશનના સહયોગમાં કાર્યરત આ સેવાઓ દેશના ૨૫૪ શહેરોમાં કાર્યરત છે.

## ચાઈલ્ડ હેલ્પ લાઈન ફોન : ૧૦૯૮

**દેખભાળ અને સુરક્ષાની જરૂરિયાતવાળા બાળકો માટે**
**મફત રાષ્ટ્રીય ફોન સેવા**

' ૧૦૯૮ ' ફોન કરો, ચાઈલ્ડલાઈનની ટીમના કાર્યકરો
બાળકોની સેવામાં હાજર છે.

**આપ પણ બાળકોના પ્રશ્નોમાં ચાઈલ્ડલાઈનને સ્વયંસેવક તરીકે મદદરૂપ થઈ શકો છો.**
**તો નીચેના સરનામે સંપર્ક કરો...**


**શૈશવ**
બ્લોક નં.૩, બીજે માળે, બી વિંગ,સરદાર પટેલ મ્યુનિ.શોપીંગ સેન્ટર,
સરદારનગર સર્કલ, ભાવનગર ૩૬૪ ૦૦૧.


# બાળ સંરક્ષણ નીતિ માર્ગદર્શિકા

શાળાનું નામ : ______________________

સરનામું : ______________________

______________________

______________________

______________________

શૈશવ
બાળ અધિકાર સંસ્થા


**શૈશવ**
બ્લોક નં.૩, બીજે માળે, બી વિંગ,સરદાર પટેલ મ્યુનિ.શોપીંગ સેન્ટર,
સરદારનગર સર્કલ, ભાવનગર ૩૬૪ ૦૦૧.ફોન : ૦૨૭૮ ૨૫૬૮૫૬૧, ૯૩૭૬૪૨૮૫૬૭
E-mail : shaishav93@gmail.com • Web. : shaishavchildrights.org

:: સહયોગી સંસ્થાઓ ::

**શ્રી પરેશભાઈ ત્રિવેદી,**
પ્રમુખ
શહેર આચાર્ય સંઘ

**શ્રી શિરીષભાઈ જોષી**
પ્રમુખ
જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ

**શ્રી અશોકભાઈ મહેતા**
પ્રમુખ
જિલ્લા ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ

**શ્રી મનસુખપરી ગોંસાઈ**
પ્રમુખ
જિલ્લા શાળા સંચાલક સંઘ

**શ્રી રતનસિંહ ગોહિલ**
પ્રમુખ
જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ

**શ્રી ઈશ્વરભાઈ બી. ધાંધલ્યા**
પ્રમુખ
મહાનગરપાલિકા પ્રાથમિક શિક્ષક સંઘ

**શ્રી પ્રશાંતભાઈ અધ્વર્યુ**
પ્રમુખ
જિલ્લા શાળા વહીવટી કર્મચારી સંઘ

**શ્રી માધુરીબહેન ડોડીયા**
જિલ્લા બાળસુરક્ષા અધિકારી (ઈન્ચાર્જ)
જિલ્લા બાળસુરક્ષા એકમ, ભાવનગર.

## બાળ સંરક્ષણ નીતિ
## સંસ્થા/શાળા માટેનું માર્ગદર્શન

(૧) બાળ સંરક્ષણ નીતિ માર્ગદર્શિકાનું વાંચન સંસ્થા / શાળાના તમામની હાજરીમાં કરવા વિનંતી છે.

(૨) બાળ સંરક્ષણ નીતિમાં સૌની સંમતિસૂચક સહી કરાવવા વિનંતી છે. આ માટે આપ શાળા કક્ષાએ અલગ રજીસ્ટર નિભાવશો અને તેમાં હાલના તથા નવા જોડાતા તમામની સહીઓ લેશો.

(૩) બાળ સંરક્ષણ નીતિમાં જણાવ્યા મુજબ ૧૨ વ્યક્તિઓની સમિતિની રચના કરી તમામના નામ અને ફોન નંબર શાળામાં સૌને વંચાય તે રીતે નોટીસ બોર્ડ પર મૂકશો અને તે યાદી જિલ્લા બાળ સુરક્ષા એકમને ૧૫ દિવસમાં મોકલી આપશો.

(૪) બાળ સંરક્ષણ નીતિમાં સામેલ આપની સંસ્થા/શાળાની સંમતિનો પત્ર જરૂર સહી/સિક્કા કરી જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રીને નીચે જણાવેલ સરનામે પરત મોકલાવશો.

(૫) બાળ સંરક્ષણ નીતિ અંગેની તાલીમ યોજાય ત્યારે આપની સંસ્થા/શાળાની બાળ સુરક્ષા સમિતિના સભ્યોને તાલીમમાં મોકલવા વિનંતી. બાળ સુરક્ષા સમિતિના સભ્યોને બાળકોને લગતા વિવિધ કાયદાઓ, નીતિઓ અને યોજનાઓની માહિતી આપવામાં આવશે.

(૬) બાળ સંરક્ષણ નીતિ અંગે તથા બાળકોની સુરક્ષાના પ્રશ્નો અંગે સમિતિની મીટીંગ કરવાની રહેશે. આ મીટીંગ સામાન્ય રીતે દર ત્રણ મહિને તો યોજવાની રહેશે, પરંતુ જ્યારે પણ કોઈ કિસ્સો બને, પ્રશ્ન હોય ત્યારે તરત જ સમિતિની મીટીંગ કરવાની રહેશે. આ મીટીંગની નોંધ અંગે રજીસ્ટર નિભાવવાનું રહેશે તથા તેમાં ઉપસ્થિત તમામ સભ્યોની સહી લેવાની રહેશે. તેમજ આ મીટીંગની નોંધની નકલ જિલ્લા બાળ સુરક્ષા એકમને નિયમિત રીતે મોકલવાની રહેશે.

(૭) શાળામાં બાળકના કાઉન્સલીંગ માટે બાળ સુરક્ષા સમિતિના અનુભવી અને સીનીયર શિક્ષક ભાઈ/બહેનને અધિકૃત કરવા અને તેઓના દ્વારા જ બાળકોના કિસ્સામાં કાર્યવાહી કરી તેની નોંધ રાખવી. અને શાળાની બાળ સુરક્ષા સમિતિને જાણ કરવી.

(૮) આપની સંસ્થા / શાળાની પ્રતિષ્ઠાને હાનિ ના પહોંચે તે રીતે તથા બાળકની ગુપ્તતા જળવાઈ રહે તે બાબતનું ધ્યાન લઈ નીચેની સંસ્થાઓ આપને મદદરૂપ થશે, તો તેઓનું માર્ગદર્શન મેળવવા વિનંતી છે.

- **જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી,**
  એસ ૧૯ની બાજુમાં, બીજો માળ,
  બહુમાળી ભવન, એસ. ટી. બસ સ્ટેન્ડની બાજુમાં,
  ભાવનગર. ફોન : ૦૨૭૮ ૨૪૨૨૦૭૨

- **જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી,**
  એનેક્ષી ૨, ગ્રાઉન્ડ ફ્લોર, બહુમાળી ભવન,
  ભાવનગર. ફોન : ૦૨૭૮ ૨૪૨૫૬૦૯

- **બાળ કલ્યાણ સમિતિ**
  ૧૭, અજયવાડી, ચિલ્ડ્રન હોમ, એરોડ્રોમ રોડ,
  ભાવનગર. ફોન : ૦૨૭૮ ૨૨૦૩૬૦૫

- **ચાઈલ્ડ કાઉન્સીલર**
  ચાઈલ્ડ હેલ્પ લાઈન, C/o. શૈશવ સંસ્થા,
  બીજા માળે, બ્લોક નં. ૩, બી વીંગ,
  સરદાર વલ્લભભાઈ પટેલ શૉપીંગ સેન્ટર
  સરદારનગર સર્કલ, ભાવનગર.
  ફોન : ૦૨૭૮ ૨૫૬૮૫૬૧,
  મોબાઈલ : ૯૪૨૮૫૨૨૩૬૦ (ઈમરજન્સી માટે)

- **સુપ્રિન્ટેન્ડન્ટ, નંદકુંવરબા બાલાશ્રમ**
  નંદકુંવરબા બાલાશ્રમ, ગઢેચી વડલા,
  ભાવનગર. ફોન : ૦૨૭૮ ૨૪૪૫૫૨૧

- **સુપ્રિન્ટેન્ડન્ટ, તાપીબાઈ વિકાસગૃહ**
  વિદ્યાનગર, ભાવનગર.
  ફોન : ૦૨૭૮ ૨૪૦૫૦૩૮

## જુવેનાઈલ જસ્ટીસ એક્ટ ૨૦૦૦ હેઠળ
## ભાવનગર જીલ્લાના ચાઈલ્ડ વેલ્ફેર ઑફીસરોની યાદી

ભાવનગર શહેરના દરેક પોલીસ ડીવીઝન તથા તાલુકા મથક અને અન્ય પોલીસ સ્ટેશનોમાં બાળકોના હિતોને લઈને જુવેનાઈલ જસ્ટીસ એક્ટ હેઠળ ચાઈલ્ડ વેલ્ફેર ઑફીસરોની (પોલીસ જેમને આ નામથી ઓળખવામાં આવે છે) નિમણુંક કરવામાં આવી છે.

| ચાઈલ્ડ વેલ્ફેર ઑફિસરનું નામ | હોદ્દો | પો.સ્ટે. | ફોન નંબર |
|---|---|---|---|
| શ્રી પ્રદિપસિંહ દશરથસિંહ | UPC | એ ડીવી. | ૯૭૨૩૮૧૮૧૮૧ |
| શ્રી રેખાબેન અરજણભાઈ | W.H.C | બી ડીવી. | ૭૩૮૩૧૯૩૫૨૦ |
| શ્રી લીલાબેન દુદાભાઈ | W.H.C | સી ડીવી. | ૯૫૫૮૧૪૭૫૧૭ |
| શ્રી મંજુલાબેન ડાયાભાઈ | W.A.S.I | ડી ડીવી. | ૯૪૦૮૩૭૭૬૯૫ |
| શ્રી યુવરાજસિંહ ભીખુભા | H.C | વરતેજ | ૯૯૨૪૮૬૧૨૦૦ |
| શ્રી જયંતિભાઈ ખેંગારભાઈ | APC | મહિલા | ૭૪૦૫૬૪૫૯૧૯ |
| શ્રી હિમંતભાઈ નરશીભાઈ | H.C | ઘોઘા | ૯૪૨૭૨૪૬૫૮૦ |
| શ્રી ભાનુમતીબેન અમરાભાઈ | W.A.S.I | મહુવા | ૯૧૩૭૯૨૭૪૭૨ |
| શ્રી મહેબુબભાઈ કાસમભાઈ | H.C | ખુંટવડા | ૯૪૮૨૪૩૧૭૭૦ |
| શ્રી સકીનાબેન અબ્બાસભાઈ | W.H.C | બગદાણા | ૯૯૨૪૧૮૧૪૬૬ |
| શ્રી રવુભા જીલુભા | A.S.I | દાઠા | ૯૯૭૯૨૩૫૩૭૩ |
| શ્રી ધીરજલાલ ભીખાભાઈ | A.S.I | તળાજા | ૯૯૨૪૪૩૪૭૬૨ |
| શ્રી સીરાજઅલી અમુલખરાય | H.C | અલંગ | ૯૫૨૦૭૦૭૦૦૧ |
| શ્રી વેલજીભાઈ રામશંકરભાઈ | H.C | બોટાદ | ૯૭૨૩૧૪૦૧૬૭ |
| શ્રી રમેશભાઈ હરજીવનદાસ | H.C | પાળીયાદ | ૮૯૦૫૦૫૦૬૬૪ |
| શ્રી ઉદયકુમાર કાશીનાથ | A.S.I | ગઢડા | ૯૮૨૫૨૧૧૫૧૮ |
| શ્રી યુસુફખાન હસનખાન | H.C | ઉમરાળા | ૯૯૨૪૫૧૬૧૧૫ |
| શ્રી વિક્રમભાઈ બહાદુરસિંહ | A.S.I | વલ્લભીપુર | ૯૪૨૬૪૬૧૭૨૮ |
| શ્રી જેરામભાઈ જીવાભાઈ | H.C | વેળાવદ ભાલ | ૯૬૮૭૬૧૭૫૭૫ |
| શ્રી લાખાભાઈ સોંડાભાઈ | A.S.I | પાલીતાણ ટાઉન | ૯૪૨૮૯૯૧૫૮૪ |
| શ્રી હરેશભાઈ ભાસ્કરભાઈ | A.S.I | પાલીતાણા રૂરલ | ૯૪૨૭૨૪૪૩૫૪ |
| શ્રી પંકજકુમાર વિશ્ણુપ્રસાદ | H.C | ગારીયાધાર | ૯૪૨૮૬૩૮૨૯૫ |
| શ્રી લીલાબેન મોહનભાઈ | W.H.C | સોનગઢ | ૯૪૨૪૧૦૧૨૩૩ |
| શ્રી મહેન્દ્રસિંહ ભોજુભા | A.S.I | શિહોર | ૯૦૯૯૦૪૨૯૯૯ |
| શ્રી જગદીશભાઈ ગીરધરભાઈ | A.S.I | જેસર | ૯૯૧૩૨૧૮૫૨૭ |

**ફરીયાદ પત્ર**

**શંકાસ્પદ બાળ દુરાચારોની તપાસ માટે નિવેદન**

બાળકનું નામ : ______________________

ઉંમર :____ પુ/સ્ત્રી_____અભ્યાસનું ધોરણ :_____ વર્ગ :_____રોલ નંબર :__________

સરનામું : ______________________

______________________

______________________

માતાનું નામ :______________________

પિતાનું નામ : ______________________

ફોન : ______________________

______________________

વ્યવસાયનું સરનામું : ______________________

______________________

કથિત બાળ દુરાચારની વિગતો :

ધ્યાનમાં રાખવા લાયક પાછળનો ઈતિહાસ (ઈજા, પ્રસંગ, લક્ષણો વિ.)

કથિત શંકાસ્પદ વ્યક્તિનું નામ / સરનામું :

તારીખ :

ફરીયાદ કરનારની સહી :

નામ :









# બાળ સંરક્ષણ નીતિ

રાષ્ટ્રસંઘ દ્વારા થયેલ અભ્યાસમાં જણાવ્યા મુજબ **''બાળ હિંસા કોઈપણ સંજોગોમાં તર્કસંગત નથી, તેમ બાળકો સાથે આચરણમાં આવતી કોઈપણ પ્રકારની હિંસા અટકાવી શકાય તેમ હોય છે. ''** રાષ્ટ્રસંઘનાં અભ્યાસના ફોલોઅપ પછી પણ બાળહિંસાના પ્રમાણમાં વિશેષ ફેર પડયો નથી. વિશ્વના ૧૮થી નાની વયના ૧૫ કરોડ છોકરીઓ અને ૭ કરોડ ૩૦ લાખ છોકરાઓ જાતીય શોષણ અથવા જાતીય સતામણીના ભોગ બનેલા છે, જયારે દર વર્ષે ૩૫ કરોડથી વધારે બાળકો શાળામાં એક યા બીજા પ્રકારની હિંસાનો ભોગ બનતા હોય છે.

સમગ્ર વિશ્વમાં હિંસા, શોષણ અને અત્યાચારનો ભોગ સવિશેષ બાળકો બનતા હોય છે.

તાજેતરમાં દિવસોમાં રાષ્ટ્રીય બાળ અધિકાર સુરક્ષા કમિશને સાત રાજયોમાં શાળામાં થતી સજાઓ અંગેનો અભ્યાસ અહેવાલ પણ ચિંતાજનક છે.

વર્ષો અગાઉ ભાવનગરમાં મૂર્ધન્ય કેળવણીકાર શ્રી ગિજુભાઈ એ બાળકોને મારવાની સામે અવાજ ઉઠાવી શિક્ષણ વ્યવસ્થામાં નૂતન પહેલ કરી હતી. એક તરફ બાળ કેળવણીકારો, મનોચિકત્સકો વિગેરે બાળ હિંસાનો વિરોધ કરી રહ્યાં છે. ત્યારે બીજી તરફ બાળકોને વિવિધ પ્રકારે થતી શારિરીક માનસિક અને ભાવનાત્મક સજાઓ કુંટુંબમાં કે શાળામાં વિશેષ થઈ રહી છે. જો બાળક તિરસ્કાર, ધૃણા અને અવહેલના વચ્ચે જીવશે તો સ્વસ્થ નાગરિક અને સ્વચ્છ સમાજનું નિર્માણ કેવી રીતે શક્ય બને ? સુપ્રસિધ્ધ કવિયત્રી **ડોરોથી નોલ્ટે**એ સાચું જ લખ્યું છે કે !

**'' જો બાળક રોકટોકમાં જીવશે, તો તે ધૂત્કારતાં શીખશે.**
**વિરોધ  અવગણના વચ્ચે જીવશે, તો તે ઝઘડતાં શીખશે.**
**જો બાળક મેણાં  ટોણામાં જીવશે, તો તે શંકાશીલ બનશે.**
**શરમજનક પરિસ્થિતિ વચ્ચે જીવશે, તો પોતાને દોષિત માનશે.**
**જો બાળક સહનશીલતામાં જીવશે, તો તે ધીરજ કેળવશે.**
**પ્રોત્સાહન અને પ્રેરણા વચ્ચે જીવશે તો તે આત્મવિશ્વાસ મેળવશે.**
**જો બાળક ઉતેજન વચ્ચે જીવશે, તો તે કદર કરતાં શીખશે.**
**પ્રમાણિક વ્યવહાર વચ્ચે જીવશે, તો તે ન્યાયી થતાં શીખશે.**
**જો બાળક અનુમોદન  કદર વચ્ચે જીવશે, તો પોતાના પર ભરોસો કરતાં શીખશે.**
**મૈત્રી અને આવકાર વચ્ચે જીવશે, તો આ જગતને પ્રેમ કરતાં શીખશે.''**

**પૂ. મહાત્મા ગાંધીજીએ કહ્યું છે તેમ :**

**આપણે દુનિયામાં ખરી શાંતિ મેળવવી હોય તો અને યુધ્ધની સામે સાચું યુધ્ધ કરવું હોય તો બાળકથી શરૂઆત કરવી પડશે. જો બાળકો કુદરતી નિર્દોષતામાં ઉછરશે તો આપણે લડવું નહી પડે. આપણે પ્રેમથી પ્રેમ, શાંતિથી શાંતિ ફેલાવીશું તો જગતના ખૂણે ખૂણે શાંતિ રહેશે.**

શિક્ષણના ક્ષેત્રે ભાવનગરે હંમેશા નૂતન પહેલ કરી ઉદાહારણ ઉભા કર્યા છે, એજ પરંપરામાં ભાવનગર જીલ્લાની શાળાઓ (પ્રાથમિક થી લઈને ઉચ્ચતર માધ્યમિક) બાળ સંરક્ષણ માર્ગદર્શક નીતિ ને પોતાની શાળાઓના સંચાલનમાં સ્વીકાર કરી બાળકોને મૈત્રીપૂર્ણ શાળા અને વાતાવરણનો અનુભવ કરાવી તેઓના વિકાસમાં યોગદાન આપવા અગ્રેસર થઈ છે.

બાળ સંરક્ષણ નીતિ  માર્ગદર્શિકા એ ઉજજવલ પરંપરાનું પરિણામ છે. ભાવનગરની શૈશવ સંસ્થાએ પોતાને ત્યાં આ નીતિ અપનાવી અને પ્રણાલીઓને પ્રસ્થાપિત કરી બાળકો સાથેના વ્યવહારોને સુરક્ષિત કરી ઉમદા પહેલ કરી હતી, આ અનુસંધાનમાં તથા સમગ્ર દેશમાં બાળકો સામેની હિંસા સતામણીની સ્થિતિ ગંભીર સ્વરૂપ ધારણ કરી રહી છે ત્યારે શૈશવ  ચાઈલ્ડ હેલ્પ લાઈન સલાહકાર સમિતિની મીટીંગમાં આ બાબતની ચર્ચા થતા અને ભાવનગરના કલેકટરશ્રી પી. કે. સોલંકી સાહેબે આ મુદ્દે વિશેષ રસ લઈ અને પ્રયત્ન કરતા આ માર્ગદર્શિકા શૈશવ સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવી છે.

આ માટે શ્રી આર. બી. જોષી (જિલ્લા સમાજસુરક્ષા અધિકારી) શ્રી એસ. એલ. ડોડીયા (જિલ્લા શિક્ષણાધિકારી) શ્રી વી. ડી. વરૂ (જિલ્લા પ્રોજેક્ટ કો ઓર્ડીનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી) શ્રી બી. પી. અગ્રાવત (શાસનાધિકારી ભાવનગર) તેમજ શ્રી પરેશભાઈ ત્રિવેદી (પ્રમુખ, ભાવનગર શહેર આચાર્ય સંઘ) શ્રી શિરીષભાઈ જોષી ( પ્રમુખ, જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ) શ્રી અશોકભાઈ મહેતા (પ્રમુખ, જિલ્લા ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક સંઘ) શ્રી મનસુખભાઈ ગોંસાઈ (પ્રમુખ, જિલ્લા શાળા સંચાલક સંઘ) શ્રી રતનસિંહ ગોહિલ ( પ્રમુખ, જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ) શ્રી પ્રશાંતભાઈ અદવર્યુ (પ્રમુખ, જિલ્લા શાળા વહીવટી કર્મચારી સંઘ) શ્રી ઈશ્વરભાઈ ધાંધલ્યા ( પ્રમુખ, મહાનગરપાલિકા પ્રાથમિક શિક્ષક સંઘ) અને શ્રી માધુરીબહેન ડોડીયા (ઈન્ચાર્જ, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી) એ હકારાત્મક અને ઉદાહરણરૂપ સહયોગ આપી બાળ સંરક્ષણ નીતિના અમલ માટે કટિબધ્ધતા દર્શાવી સમગ્ર દેશમાં ભાવનગરનું ગૌરવ વધાર્યું છે.

આ નૂતન પહેલ આવનારા દિવસોમાં ગુજરાત અને દેશના અન્ય જિલ્લાઓમાં પ્રસરશે એવી આશા રાખવી અસ્થાને નથી. આ સમગ્ર પ્રક્રિયામાં વિશેષ રસ લઈ મદદરૂપ થનાર શ્રી સંજયભાઈ દેસાઈ (મેનેજિંગ ટ્રસ્ટી, ભાવનગર બ્લડ બેંક) પૂ. શ્રી કે.પી. સ્વામી (શ્રી સ્વામિનારાયણ ગુરૂકૂળ, ભાવનગર)ના આભારી છીએ.

આ સમગ્ર આયોજનમાં જાણીતા કેળવણીકાર અને લેખક ડૉ. ભદ્રાયુભાઈ વછરાજાની તથા યુનિસેફ ગુજરાતના મુખ્ય પ્રતિનિધિ સુ.શ્રી જેરૂબહેન માસ્ટર વિશેષ રસ લઈ પ્રોત્સાહીત કર્યા અને કાર્યક્રમમાં ઉપસ્થિત રહી અનુમોદન આપ્યું છે. તે માટે તેઓના ઋણી છીએ.

આપણે સૌ જાણીએ છીએ તેમ રાષ્ટ્રસંઘ દ્વારા બાળકોના અધિકારની સમજૂતી ૧૮૮૯માં અમલમાં આવી અને આપણા દેશે તેનો સ્વીકાર ૧૯૯૨માં કર્યો. આ મુજબ ૧૮ વર્ષથી નાની ઉંમર ધરાવનાર બાળક ગણાય છે. બાળકનો વિકાસ થઈ રહ્યો હોય ત્યારે પ્રોત્સાહક વાતાવરણ પુરૂ પાડવું અને રક્ષણ આપવું એ દરેક નાગરીકોની જવાબદારી છે. આ બાળ અધિકારોમાં : જીવન જીવવાનો અધિકાર, વિકાસનો અધિકાર, રક્ષણ મેળવવાનો અધિકાર અને બાળકને સ્પર્શતી તમામ બાબતોમાં સહભાગિ થવાનો અધિકાર હેઠળ સમગ્ર બાળ અધિકારોને વહેંચવામાં આવ્યા છે.

આપણા દેશના બંધારણ મુજબ બાળકોને અધિકાર આપવામાં આવ્યા છે, જેમાં કલમ ૨૧એ, કલમ ૨૪,૩૯ અને ૪૫ મુજબ બાળકને રક્ષણ મેળવવાનો અધિકાર આપવામાં આવ્યો છે. આ ઉપરાંત બાળકોની રાષ્ટ્રીય નીતિ અને અન્ય યોજનાઓ દ્વારા બાળકોના રક્ષણને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે.

આપ જાણતા હશો કે જુવેનાઈલ જસ્ટીસ એક્ટ ૨૦૦૦ તથા તેના આધારે સુધારેલ ૨૦૧૪નો એક્ટ, જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો કાયદો ૨૦૧૨, બાળ મજુરી પ્રતિબંધક અને નિયમન ધારો ૧૯૮૬ તથા સુધારેલ ૨૦૧૪નો એક્ટ, શિક્ષણના અધિકારનો કાયદો ૨૦૦૯ આઈપીસીની વિવિધ કલમો હેઠળ બાળકોની સુરક્ષા અંગે વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. બાળકોની સુરક્ષા સંબંધી કોઈ ભંગ થાય તો તેમાં વિશેષ દંડ તથા જેલની સજાની જોગવાઈઓ પણ છે.

આ સંદર્ભમાં બાળકોની સુરક્ષા અંગે આપણે જાતે જ વિશેષ જાગૃતિ દાખવી બાળકોને વિકાસ માટેનું પ્રોત્સાહક વાતાવરણ પૂરૂ પાડીએ તે આપણા સૌના હિતમાં છે, એટલું જ નહીં સ્વસ્થ સમાજના નિર્માણમાં યોગદાન છે. તે સંદર્ભમાં આ બાળ સંરક્ષણ નીતિ સૌના માટે માર્ગદર્શક નિવડશે.

આવો, આપણે સૌ આપણા બાળકોને સુરક્ષિત કરીએ અને સલામત બાળપણ સમૃદ્ધ બાળપણ માટેની ખાત્રી આપી **સ્વસ્થ બાળક સ્વસ્થ નાગરિક સ્વસ્થ સમાજ**ની દિશામાં અમૂલ્ય યોગદાન આપીએ.

બાળ અધિકારોના સમર્થનમાં,<br>
આપના,<br>
પારૂલ ફાલ્ગુન<br>
શૈશવ સંસ્થા

૨, ઓગષ્ટ ૨૦૧૪<br>
ભાવનગર.

બાળ સંરક્ષણ નીતિ



બાળ સંરક્ષણ નીતિ



**પ્રસ્તાવના :**

........................................................(સંસ્થાનું નામ)બાળકોના શિક્ષણ અને વિકાસનું કાર્ય કરતી સંસ્થા છે.

સંસ્થા દ્વારા બાળકોના સન્માન અને પ્રતિષ્ઠા હંમેશા જળવાય તે માટે બાળ સંરક્ષણ નીતિ ઘડી કાઢવામાં આવી છે. આ નીતિ સંસ્થાના ટ્રસ્ટીઓ, કાર્યકરો, આચાર્ય, શિક્ષકો, ઓફિસ સ્ટાફ તથા સંસ્થા સાથે એક યા બીજા પ્રકારે જોડાયેલા તમામ હિતધારોકોને બંધનકર્તા છે. આ નીતિ બાળકો સાથે કાર્ય કરવાના સંદર્ભમાં માનવીય ગરિમાના ઉચ્ચતમ મૂલ્યોની ખાત્રી આપવાની સાથોસાથ ધારાધોરણો અને માર્ગદર્શન પૂરા પાડે છે.

આ નીતિ બાળકો સાથે અઘટિત થાય તો તેના અંગે બાળકોની સુરક્ષાના હિતને સર્વોચ્ચ પ્રાધાન્ય આપી ઘટતાં પગલાં લેવા અંગે તથા સંસ્થાએ કેવી કાર્યવાહિ કરવી તે અંગે પણ માર્ગદર્શન આપે છે.

આ નીતિ અંતર્ગત સંસ્થામાં બાળ સુરક્ષા સમિતિની રચના, તેનું કાર્યક્ષેત્ર તથા સભ્યો અંગેની માહિતી પૂરી પાડે છે. જયાં બાળક પૂરતી મોકળાશ સાથે, પોતાની વાત / ફરીયાદ કરી શકશે. આ સમયે સમિતિ બાળકની ઓળખ અંગે સંપૂર્ણ ગુપ્તતા સેવી તેનું સક્ષમપણે રક્ષણ કરશે.

આ નીતિ સંસ્થા સાથે જોડાયેલા તમામને બંધનકર્તા હોવાથી દરેક તેના પાલનની ખાત્રી લેખિતમાં આપશે તથા બાળ સંરક્ષણ નીતિ અનુસાર કાર્ય કરવાનું રહેશે. (શાળામાં દાખલ થનાર બાળકોના વાલીઓએ પણ આ અંગે બાંહેધરી આપવાની રહેશે.)

**(૧) વિઝન મિશન વકતવ્ય :**

અમારી દ્રષ્ટિ એ છે કે દેશના દુનિયાના તમામ બાળકોને માટે સુરક્ષિત અને સંવેદનશીલ અને મદદરૂપ થતા સમાજની રચના કરવી, જે દરેક બાળકોના અધિકાર અને સન્માનને પ્રતિષ્ઠિત કરે, જાળવણી કરે અને તેનું રક્ષણ કરે. (જે રાષ્ટ્રસંઘના બાળ અધિકારોના ઘોષણાપત્ર અનુસાર છે.)

આ ઉદ્દેશની પ્રાપ્તિ માટે...બાળઅધિકારોના હનનને અટકાવવું, સમયોચિત ઉપાયોની વ્યવસ્થા કરવી, અસરકારક રીતે સહાયતા સેવાઓ ઉભી કરવી, તેનું સુદઢીકરણ કરવું અને તેના માટે સૌની સાથે ભાગીદારી વિકસાવવી.

બાળકોની ખુશી અને ક્ષેમકુશળ જેમના પર આધારિત છે તેવા સૌ સમાજના તમામ ક્ષેત્રોને કાર્યમાં સાથે જોડીને કામ કરીએ છીએ.

**(૨) પ્રતિબધ્ધતા :**

અમે રાષ્ટ્રસંઘ ઘોષિત બાળઅધિકાર સમજૂતી (**UNCRC**) મુજબ ૧૮ વર્ષથી ઓછી વય ધરાવનારને બાળક માનીએ છીએ જો કે દેશના કાયદા મુજબ બાળકની વ્યાખ્યા કોઈ કાયદામાંઅલગ હશે તો તે માન્ય ગણીશું.

(૧) અમારી સંસ્થા..............................................................દેશમાં બાળકોના અધિકાર અને વિકાસ કલ્યાણ માટે સમર્પિત સંસ્થા છે, જે બાળકો સાથેના કોઈપણ પ્રકારના દુર્વ્યવહાર, દુરાચાર, શોષણ ખાસ કરીને જાતીય શોષણનો વિરોધ કરે છે.

(૨) ..............................................................(સંસ્થાનું નામ) રાષ્ટ્રસંઘ દ્વારા ઘોષિત બાળ અધિકાર સમજૂતિ (UNCRC) તથા ભારતમાં લાગુ પડતા જુદા જુદા કાયદાઓ મુજબ બાળઅધિકાર અને કલ્યાણના કાયદાઓ પ્રતિ પ્રતિબદ્ધતા વ્યક્ત કરે છે.

(૩) ..............................................................(સંસ્થાનું નામ) બાળકોના સહભાગિતાના અધિકાર અંગે પ્રતિબદ્ધ છે. બાળકોની અભિવ્યક્તિ કોઈપણ સ્વરૂપે હોય તો તે સૌએ સાંભળવી જ જોઈએ (ક્ષમતા અનુસાર સહભાગિતા હોય) બાળઅધિકારોના પ્રસ્થાપન અને સંવર્ધનમાં બાળકો સૌ પ્રથમ અસરકર્તા હિતધારકો છે તેથી સંસ્થાના દરેક કાર્યોમાં બાળકોને સમાન ગણી

આયોજનથી માંડી અમલીકરણના દરેક તબક્કે તેઓને મહત્વ આપવા માટે વચનબદ્ધ છે.

**UNCRC ના બાળઅધિકારની કલમ ૧૯ મુજબ**

બાળકને કોઈપણ પ્રકારની ચોટ, આઘાત, ઈજા પહોંચાડી શકાશે નહી. વયસ્કોએ ખ્યાલ રાખવો પડશે કે દુરાચાર, હિંસા ઉપેક્ષા કે જાતીય દુવ્યવહાર સામે તેમને રક્ષણ આપવાનું છે, અને બાળકના માતાપિતાને પણ બાળકને કોઈપણ પ્રકારની ઈજા પહોંચાડવાનો અધિકાર નથી.

બાળકને જાતીય દુર્વ્યવહાર સામે સુરક્ષાનો અધિકાર છે. આનો અર્થ એ છે કે બાળક ઈચ્છતો ન હોય એવું કોઈ કૃત્ય બાળક સાથે કોઈપણ કરી શકશે નહીં. જેમ કે બાળકને સ્પર્શ કરવો, તસ્વીર પાડવી, કે પછી બાળક ઈચ્છતો ન હોય તેવી કોઈ બાબત બાળક પાસે કરાવાશે નહીં.

..............................................................(સંસ્થાનું નામ) એ માને છે કે દરેક બાળકને કોઈપણ પ્રકારના દુરાચાર સામે સંરક્ષણનો અધિકાર છે. દરેક બાળકને શારીરિક, માનસિક અને ભાવનાત્મક તિરસ્કાર, અવહેલના, જાતીય તિરસ્કાર કે દુર્વ્યવહાર / શોષણ સામે રક્ષણનો અધિકાર છે. તે જ રીતે વર્ણ કે વર્ગભેદ, સામાજિક કે આર્થિક બાબતો કે પછી ઉંમર, લિંગ, અશક્તિ કે ધાર્મિક કે જ્ઞાતિગત કે માન્યતાના આધારે ભેદભાવ ન થાય તે માટે કાર્ય કરવું જોઈએ.

આમ, ....................................................... (સંસ્થાનું નામ) માને છે કે કોઈપણ સાથે દુરાચાર કે શોષણ ગમે તેવા પ્રકારે થાય તો તે સહન કરી શકાય નહીં. અગર આપ જાણતા હો કે કોઈક બાળક સાથે દુરાચાર કે શોષણ થઈ રહ્યાં છે તો તેવા સમયે મૌન રહેવું/ કશું કરવું નહીં તે ખોટું છે.

..............................................................(સંસ્થાનું નામ) બાળ સંરક્ષણને મહત્વ આપે છે. તેનો અર્થ એ છે કે કેવળ સંસ્થાના ટ્રસ્ટીઓ, સભ્યો, શૈક્ષણિક કે બિન શૈક્ષણિક સ્ટાફ, કાર્યકરો, દાતાઓ કે સ્વયંસેવકો જ નહીં પરંતુ તમામ હિતધારકોના હાથે થઈ શકતા દુરાચારથી બાળકને બચાવવાનો છે.

..............................................................(સંસ્થાનું નામ) ના ટ્રસ્ટીઓ, શૈક્ષણિક કે બિનશૈક્ષણિક સ્ટાફ, કાર્યકરો અને સ્વયંસેવકો આ નીતિ પર સહમત છે. પોતાના અનુભવો. પરિસ્થિતિ અને કાયદાના આધારે દર વર્ષે આ નીતિની સમીક્ષા તથા મૂલ્યાંકન કરશે અને તેની ભલામણો જિલ્લા બાળસુરક્ષા એકમને મોકલી આપશે. બાળ મૈત્રીપૂર્ણ વાતાવરણની રચનામાં મહત્વનું યોગદાન આપશે.

(૩) **દુરાચારના ભિન્નરૂપોની પરિભાષા :**

(૧) શારીરિક દુરાચાર બાળકને વાસ્તવિક કે સંભવિત શારીરિક ઈજા પહોંચાડી અથવા કોઈ બાળકને શારીરિક ઈજા કે પીડાથી બચાવવો નહીં તેવું આ શ્રેણીમાં આવે છે. જેમાં જાણીજોઈને અથવા સંજોગોવસાત થપ્પડ મારવી, કાન મચકોડવો, ફૂટપટ્ટીથી મારવું., લાંબો સમય ઉભા રાખવા, અંગૂઠા પકડાવવા જેવી કોઈ પણ સજા તેમજ પ્રહાર કે મારપીટ કરવી, મેદાનમાં ચક્કર લગાવવા જણાવવું, શ્રમ કરાવવો વિગેરે કે કોઈપણ પ્રકારનો શારીરિક દંડ આપવાની બાબત સામેલ છે.

(૨) માનસિક ભાવનાત્મક દુરાચારઃ સતત અથવા ગંભીર ભાવનાત્મક દુર્વ્યવહાર અથવા અસ્વીકૃતિના કારણે બાળકના ભાવનાત્મક અને વ્યવહારગત વિકાસ પર ખરાબ અસર થવી, બાળકને એવો અનુભવ કરાવવો કે તેનું મહત્વ નથી, પ્રેમને લાયક નથી, અપૂર્ણ છે અથવા ભય, જોખમકારક કે ભ્રષ્ટ થઈશ તેવો અનુભવ કરાવવો કે પછી ઉતારી પાડવા, ખરાબ ટીકા કરવી વિગેરે માનસિક / ભાવનાત્મકની શ્રેણીમાં સામેલ છે.





બાળકને હિન દેખાડતી ભાષાનો પ્રયોગ, જ્ઞાતિ, જાતિ, ધર્મ કે સામાજિક બાબતોને લઈને ટોકવા, ઉતારી પાડવા, અપશબ્દ કહેવા ધમકાવવા કે ઉપહાસ કરવો વગેરે બાબતો સામેલ છે.

(૩) **ગેરવર્તન :** શારીરિક અને ભાવનાત્મક દુરાચારની સ્થિતિ ઉદ્‌ભવે અથવા અજાણતામાં પણ માતાપિતા, શાળાના શિક્ષકો અથવા તેનું રક્ષણ કરવા જે બંધાયેલ છે તેઓએ જાણી જોઈને શારીરિક / ભાવનાત્મક, અતિ શિસ્ત અથવા અનુચિત સજા કે પછી કોઈપણ એવું કૃત્ય કે જેનાથી બાળક હિણપત અનુભવે, શરમિંદો થાય, લાગણી ઘવાય કે પછી બાળક માંદો પડે, તાણ અનુભવે તેવી કોઈપણ બાબત જેનાથી શારીરિક અને ભાવનાત્મક દુરાચાર થાય છે. તેવી ઘટના, પ્રસંગ, વાતચીત કે વ્યવહાર ગેરવર્તન ગણાશે.

(૪) **ઉપેક્ષા :** બાળકની સતત ગંભીર ઉપેક્ષા કરવી, તેની માનવીય જરૂરીયાત જેવી કે પાણી પીવું, ટોઈલેટ જવું તેના માટે રોકવા કે ટોકવા કે તેની સામાજિક સ્થિતિ વિશેષ જરૂરિયાતો તરફ ઉપેક્ષા કરવી, અથવા તેને કોઈપણ પ્રકારના જોખમના સંપર્કમાં આવતા હોય તો બચાવવા નહીં, ગંભીર મૌસમી હવામાન અને પ્રતિકૂળ કુદરતી પરિસ્થિતિઓ, ભૂખમરો અથવા દેખભાળની મહત્વપૂર્ણ જવાબદારીને અદા કરવામાં જ્યારે નિષ્ફળતા મળે, જેમ કે તેના લીધે બાળકના સ્વાસ્થ્ય અને વિકાસને ગંભીર નુકશાન પહોંચે છે.

**ઉપેક્ષાના અન્ય પ્રકાર :**

બાળકની પ્રાથમિક / મૂળભૂત જરૂરીયાતોને પૂરી કરવામાં નિષ્ફળતા. આ ઉપેક્ષા શારીરિક, ભાવનાત્મક અથવા શૈક્ષણિક હોઈ શકે છે. પૂરતું ભોજન કપડાં, સમૂચિત ચિકિત્સા દેખભાળ, સુપરવિઝનમાં નિષ્ફળતા અથવા ઠંડી ગરમીથી બચાવવામાં નિષ્ફળતા અથવા બાળકને બેસહારા છોડી દેવા શારીરિક ઉપેક્ષાની શ્રેણીમાં આવે છે.

શૈક્ષણિક ઉપેક્ષાનો અર્થ છે બાળકને સમૂચિત શિક્ષણ કે ખાસ શિક્ષણ પૂરૂ ન પાડવું, બાળક કોઈની રજા વગર શાળામાં સતત ગેરહાજર રહેતો હોય અથવા શાળા/શિક્ષણથી દૂર રહેતો હોય, ભાવનાત્મક સહાય અને પ્રેમનો અભાવ, બાળક પર કદી ધ્યાન ન આપવું, નશીલી દવાઓ કે નશાખોરીની કુટેવ વિ. માનસિક ઉપેક્ષાની શ્રેણીમાં આવે છે. બાળકોને નશીલી દવાઓ કે દારૂ જેવા વ્યસનોમાંથી બચાવી ન શકવા પણ ઉપેક્ષાનો જ એક પ્રકાર છે.

ઉપરોક્ત માત્ર કેટલાક ઉદાહરણો આપ્યા છે. જાતીય શોષણ માત્ર આટલા સુધી સીમિત નથી. બાળકની સંભાળ રાખવાની જેમની જવાબદારી છે અથવા જેની સંભાળમાં બાળકને મૂકવામાં આવે છે તેના દ્વારા જાતીય દુર્વ્યવહાર કે શોષણ થાય તો તેને પણ જાતીય શોષણ જ ગણાશે.

**જાતીય દુર્વ્યવહાર / શોષણ :**

કોઈપણ બાળકનું વાસ્તવિક કે સંભવિત શોષણ, જેમાં આશ્રિત અથવા અપરિપક્વ બાળકોને એવી જાતીય ગતિવિધિઓ/ શોષણમાં સામેલ કરી દેવામાં આવે છે કે જેના તેઓને સાચા અર્થ ખબર નથી, કે સચેત પણ નથી અથવા જે સામાજિક રીતે વાંધાજનક, પ્રતિબંધિત છે અથવા પરિવારના નિયમો સંસ્કારથી વિરૂદ્ધ જાય છે. બાળકને સ્પર્શવું, બાળકોને સ્પર્શ કરવા દબાણ કરવું, પોર્નોગ્રાફી જોવામાં અથવા તે પ્રકારની હરકતોમાં ભાગ લેવા મજબૂર કરવા અથવા બાળકોને જાતીય હરકતો કરવા માટે લલચાવવા દબાણ કરવું કે બંધનમાં લાવવા વિ. આના કેટલાક ઉદાહરણો છે. જો કે જાતીય દુર્વ્યવહાર / શોષણના અન્ય પ્રકાર પણ હોઈ શકે છે. બાળકની સહમતિ હોય કે ન હોય આ બધી ક્રિયાઓ દૂરાચાર ગણાશે.

જાતીય પ્રવૃત્તિના બદલામાં પૈસા આપવા કે આર્થિક લાભ કરી આપવા અંગેનું આદાન પ્રદાન, લાલચ આપવી, ડરાવવા, ધમકાવવા વિ. બાબતો જાતીય શોષણની શ્રેણીમાં આવે છે. દૂરાચાર કરવાવાળા પુખ્તો હોઈ શકે છે. પણ ક્યારેક તે બાળક પણ હોઈ શકે છે. જ્યારે કોઈ વ્યક્તિ કોઈ બાળકને જાતીય ક્રિયાઓ માટે આમંત્રણ આપે, બંધનમાં મુકે, સંકેત કરે કે એવી કોઈ ક્રિયા કે જેનાથી બાળકનું જાતીય શોષણ થાય તે પણ આ શ્રેણીમાં સામેલ છે.

**(૪) વ્યવહાર સંબંધી ધારાધોરણો :**

(૧) બાળકો સાથે પ્રવૃત્તિ અભ્યાસ દરમ્યાન બાળકને ઈજા ન થાય, વાગે નહીં તે અંગે વિશેષ સભાનતા દાખવવામાં આવશે.

(૨) બાળકને કોઈપણ પ્રકારે શારીરિક કે માનસિક ઈજા થાય તેવું વર્તન કરશે નહીં.

(૩) બાળકની મૂશ્કેલી, મુંઝવણ અથવા અસામાન્ય વર્તન દરમ્યાન તેની સાથે મૈત્રીપૂર્ણ વ્યવહાર કરશે, અને શાળાના આચાર્ય અને સીનીયર વ્યક્તિનું ધ્યાન દોરી તેઓની મદદ માર્ગદર્શન લેશે.

(૪) બાળક માટે પોતાના વર્તન વ્યવહારના ઉચ્ચતમ ધોરણો દાખવશે પાન માવા તમાકુંનું સેવન નહીં કરે, બીડી સીગરેટ નહીં પીએ, સૌજન્યશીલ ભાષાનો ઉપયોગ કરશે.

(૫) જો કોઈ શિક્ષક/ સ્ટાફ બાળકોને નાસ્તો અથવા અન્ય ખાદ્યચીજો આપવા ઈચ્છતા હોય તો શાળાના આચાર્યની સંમતિ લઈને આપશે.

(૬) બાળક સાથે આયોજનમાં ન હોય તેવી કોઈપણ નવી પ્રવૃતિ કરતા અગાઉ શાળાના આચાર્યની સંમતિ લેવાની રહેશે.

(૭) શાળામાં બાળકો પાસે ખાસ કરીને કોઈ જાતિને ધ્યાનમાં લઈને અથવા માત્ર છોકરીઓને જ જોડીને સફાઈ કે અન્ય કાર્યો કરાવવા નહીં. શાળાના શિક્ષકો વિદ્યાર્થીઓને પોતાના વ્યક્તિગત કાર્યો કરાવશે નહી.

(૮) બાળક સાથેના વર્ગો કે પ્રવૃતિઓ વિગેરે માટે હંમેશા સમયપાલન કરશે.

(૯) હંમેશા એવા વાતાવરણ અને સ્કુલમાં પ્રવૃત્તિ કરવી કે અભ્યાસ કરાવવો કે જ્યાં બાળકોની સલામતી હોય, અન્યો જોઈ શકતા હોય તેવી જગ્યા હોય, એકાંત કે ખાનગી જગ્યાનો ઉપયોગ કરવો નહીં.

(૧૦) કોઈ બાળકને વિશેષ અભ્યાસ કે પ્રવૃતિ માટે બોલાવવા પડે ત્યારે કાળજી રાખો તે એકલા ન હોય, તેઓની સાથે તેના મિત્રો હોય અને તેમને એકાંતમાં ન મળતાં જાહેરમાં મળવું.

(૧૧) દરેક બાળકને સમાન અને ગૌરવયુક્ત ગણી ઔચિત્યપૂર્ણ વ્યવહાર કરશો.

(૧૨) કિશોરીઓના પ્રશ્નો માટે વિશેષ સંવેદનશીલ બનશો, જરૂર પડે શિક્ષિકાબહેનની મદદ લેશો.

(૧૩) હંમેશા બાળકોના કલ્યાણને પ્રાથમિકતા આપશો.

(૧૪) જે વચનનું પાલન કરવું અઘરૂ હોય તેવા ખોટા વચનો બાળકોને આપશો નહીં.

(૧૫) બાળકોના વ્યક્તિગત ફોન નંબર, સરનામા વિગેરે સંસ્થામાં જરૂરી રેકર્ડમાં ઉપલબ્ધ હોય છે તેમાંથી વ્યક્તિગત સંદર્ભમાં ઉપયોગ કરવો નહીં અથવા બાળક પાસેથી એવી વિગતો માંગવી નહીં. બાળક સાથે હંમેશા શાળામાં જ સંપર્ક રાખવો અપવાદરૂપ કિસ્સામાં શાળાના આચાયની સંમતિ લેવી અનિવાર્ય છે.

(૧૬) બાળકને હંમેશા ઉત્સાહિત કરે તેવા સર્જનાત્મક અને વિકાસમાં ઉપયોગી થાય તેવા ફિડબેક આપશો. નકારાત્મક અભિપ્રાય સુચન કરશો નહી.

(૧૭) બાળક સાથે વ્યકિતગત ધોરણે જાતે કાઉન્સલીંગ કરવું નહી. શાળાએ અધિકૃત કરેલ શિક્ષક/આચાર્ય અથવા બહારની શાળાએ અધિકૃત કરેલ તાલીમ પામેલ વ્યકિત કાઉન્સલીંગ કરશે.

(૧૮) બાળકને કોઈપણ પ્રકારે સજા કરવી નહીં. બાળકના અભ્યાસ, વર્તન, હોમવર્ક કે અન્ય કોઈપણ પ્રશ્ન માટે શાળાના આચાર્યનું ધ્યાન દોરશો.

(૧૯) બાળકની વિકાસ માટેની જરૂરીયાતો અને ક્ષમતાઓની કદર કરશો, વિશેષ કાળજીની જરૂરીયાત ધરાવતા બાળકો માટે વધુ કાળજી લઈ મદદરૂપ થશો.









(૨૦) બાળકની જરૂરીયાતો અને ક્ષમતાઓને ધ્યાનમાં રાખી બાળકોમાં બિનજરૂરી સ્પર્ધાત્મક વાતાવરણ ઉભું કરવું કે તેની ઈચ્છાઓ વિરૂધ્ધ તેની પાસે પરાણે વધારે અભ્યાસ કરાવવો કે શારીરિક પ્રવૃત્તિઓ કરાવવાથી કે સજા કરવાથી દુર રહેશો.

(૨૧) બાળકોને આપના હૂંફ અને કાળજીની જરૂરીયાત હોય છે. પરંતુ બિનજરૂરી વધુ નિકટના સંબંધો વિકસાવવા નહીં અને વર્તન વ્યવહારમાં એક અંતર રાખશો. કોઈ કાર્યક્રમ પ્રવાસ કે પ્રવૃતિ માટે જવાનું થાય ત્યારે રોકાણના સ્થળે બાળકની નજીક સુવું નહી, બાળક ઉપયોગ કરતા હોય તે રૂમમાં કે ટોઈલેટમાં શિક્ષકોએ જવું નહીં.

(૨૨)આકસ્મિક કે ઈમરજન્સી સિવાય નીચેના બાબતો ટાળવાનો પ્રયત્ન કરશો.

બીજા બાળકો કરતાં કોઈ એક બાળક પાછળ વધુ પડતો સમય આપવો.

કોઈ કાર્યક્રમ અંગે બાળકને લેવા મુકવા જવું.

(૨૩) નીચે જણાવેલ બાબતો/હરકતો કયારેય ચલાવવામાં આવતી નથી.

બાળકને ઉતેજિત કરે તેવી શારીરિક ક્રિયાઓ

બાળક સાથે એક જ રૂમમાં રહેવું.

બાળકના શરીર સાથે અડપલા, ગેરવાજબી રીતે સ્પર્શવું.

બાળકની પાસે ગંદી ભાષા દ્વારા વાતો કરવી.

બાળક દ્વારા ગંદી ભાષા કે ગેરવર્તન જેવી હરકતોને પડકાર્યા વગર ચલાવી લેવી (આ કિસ્સામાં શાળાના આચાર્યને તુરંત જાણ કરવી)

બાળક સાથે વાત વાતમાં, મનોરંજનની રીતે પણ સેકસ સંબંધિત કોઈ કોમેન્ટ કે વાત કરવી / જોક્સ કહેવા

બાળકને તમારી સાથે રહેવા કે તમારા રહેઠાણ પર રહેવા માટે આમંત્રણ આપવું.

(૨૪) શાળામાં બાળકો વાહન દ્વારા આવતા હોય તેવા કિસ્સાઓમાં :

બાળક રીક્ષા ડ્રાઈવર કે બસના ડ્રાઈવર સાથે આગળના ભાગમાં બેસે તે ચલાવાશે નહીં.

બાળકોને રીક્ષામાં કે અન્ય વાહનમાં આર.ટી.ઓ.ની મંજુરી પ્રમાણે પાછળના ભાગમાં જ બેસવા જણાવવું.

આ બાબતનો ભંગ કરે તે રીક્ષા/કે વાહન ચાલક ને શાળાની સેવામાંથી મુક્ત કરવામાં આવશે.

**શાળા માટે ઉપયોગમાં લેવાતા વાહનો, શાળાના હોય અથવા બહારના અને તેનો ઉપયોગ કરવાનો થતો હોય ત્યારે ખાત્રી કરો કે :**

–ડ્રાઈવર પાસે યોગ્ય અધિકૃત લાયસન્સ અને બેઈઝનંબર હોય.

– ડ્રાઈવરની ચાલચલગત અંગે બે પ્રતિષ્ઠિત વ્યકિતના રેફરન્સ લીધા હોય.

– વાહન આર.ટી.ઓ દ્વારા માન્ય થયેલ હોય અને દર વર્ષે એનું ફીટનેસ સર્ટીફીકેટ અને પાર્સીંગ આર. ટી.ઓ દ્વારા થતું હોય.

– વાહનની થર્ડપાર્ટી સહિતની ઈન્સ્યોરન્સ પોલીસી લેવામાં આવી હોય અને રીન્યુ થતી હોય.

– નિયત થયેલ રૂટ મુજબ જ વાહન જતું આવતું હોય, ડ્રાઈવર પોતાની રીતે ફેરફાર કરી શકે નહી.

– ડ્રાઈવરના લાઈસન્સ/બેજ નંબર/ઈન્સ્યોરન્સ/ આર.ટી.ઓ. માન્યતા અંગેના તમામ અધિકૃત દસ્તાવેજ દર વર્ષે શાળાએ ચકાસવા અને પોતાની પાસે કોપી રાખવી.

(૨૫) શાળા સમય દરમ્યાન લોબીમાં, રીસેસના સમય દરમ્યાન નાના મોટા બાળકો સાથે હોય છે ત્યારે શાળાના શિક્ષકો, સુપરવાઈઝર આ મુક્ત સમયે ધ્યાન રાખશે જેથી બાળકો વચ્ચે નાની મોટી વાતે થતાં ઝઘડાં, મારા મારી કે માનસિક ભાવનાત્મક પ્રહારો નિયંત્રણમાં રહે અને બાળકો વચ્ચે મૈત્રીપૂર્ણ વ્યવહાર વિકસતો રહે.

(૨૬) શાળા સમય શરૂ થતા અગાઉ અને પૂરો થયા પછી...

બાળકોએ જો શાળાના સમય ઉપરાંત આવવાનું હોય તો અગાઉથી શાળાના આચાર્યની મંજૂરી લેવી તથા તેઓની સલામતી અને કાળજી માટે શિક્ષકની અધિકૃત નિમણૂંક કરવી, જેથી તેઓ નિરીક્ષણમાં હોય અને આ અંગેની જાણ વાલીને પણ કરવી.

શાળાની બહાર પણ શિક્ષકો એવી રીતે નજર રાખે કે જેથી શાળાના બાળકોને જતા આવતા આવારા તત્વો તરફથી મુશ્કેલી ના પડે અને રક્ષણ મળે.

(૨૭) શાળામાં બાળકોની પહોંચ રહે તે રીતે બાળ સુરક્ષાના પ્રશ્નો અંગે પ્રશ્ન સૂચન પેટી મુકવી અને તેમાંની ચિઠ્ઠીઓ બાળ સુરક્ષા સમિતિમાં વાંચવામાં આવે, નોંધ કરવામાં આવે અને તે અંગે જરૂરી પગલા લેવા અને તેની નોંધ રાખવી. બાળકો કોઈ ડર રાખ્યા વગર સુચન પેટીનો ઉપયોગ કરે તે માટે પ્રોત્સાહીત કરવા.

(૨૮) સુપ્રીમ કોર્ટના ચુકાદા મુજબ શાળામાં ફાયર સેફ્ટીના સાધનો વસાવવામાં આવ્યા છે અને તેની નિયમિત દેખભાળ લેવામાં આવે છે.

(૨૯) કુદરતી કે માનવ સર્જિત આપતિ અંગે શાળાનો ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન બનાવવામાં આવેલ છે અને તે પ્રમાણે નિયમિત મોકડ્રીલ વિગેરે યોજાય છે. જરૂરી સાધનો વસાવવામાં આવ્યા છે.

(૩૦) સંસ્થા આશા રાખે છે કે તેની સાથે એક યા બીજા સ્વરૂપે જોડાતી સરકારી, બીન સરકારી, સ્વૈચ્છિક સંસ્થા અથવા સંગઠનના કાર્યકરો, સ્વયંસેવકો, ટ્રસ્ટીઓ, પેટ્રન, સભ્યો કે મહેમાનો અને વાલીઓ બાળકોના સન્માનને પ્રતિષ્ઠા આપશે અને સાથે સાથ સંસ્થા એ પણ અપેક્ષા રાખે છે કે તેઓ પોતાના અંગત જીવનમાં જે બાળકો સાથે જોડાયેલા છે / પોતાના બાળકો સાથે પણ ઉપર મુજબનો વ્યવહાર કરશે.

(૩૧) સંસ્થા કે જેના ટ્રસ્ટીઓ, શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ, સ્વયંસેવકો, કાર્યકરો, વાલીઓ અને મહેમાનો બાળકો સાથે સીધા સંપર્કમાં આવે છે તેઓએ બાળ સંરક્ષણની સંસ્થાની નીતિ પર સંમતિ સૂચક હસ્તાક્ષર કરવાના રહેશે. તેઓએ આ નીતિનું વાંચન કરી સમજ કેળવવી પડશે. તેમજ તેનું સન્માન કરશે/ પાલન કરશે. આ ઉપરાંત તેઓ એ વાત સાથે સંમત છે કે જો તેઓનો વ્યવહાર આ નીતિને અનુરૂપ ન જણાય તો તેમની સામે કાર્યવાહી કરવાનો સંસ્થાને હક છે. આ સંજોગોમાં તેમની વિરૂધ્ધ શિસ્ત અંગેની કાર્યવાહી કરી શકાશે, અને તેની નોકરી પણ સમાપ્ત કરવામાં આવશે. જો કોઈ સ્વયંસેવક, વાલી અથવા મહેમાન આ ધારા ધોરણનો ઉલ્લંઘન કરશે તો તેમને તત્કાળ સંસ્થામાંથી દૂર કરવામાં આવશે.

(૩૨) બાળકોના ફોટોગ્રાફ્સ અથવા વિડીયો શુટીંગ કરવું હોય, તેઓના ઈન્ટરવ્યુ કરવા કે તેઓની કેસ સ્ટડી કરવી હોય તો તેના માટે સંસ્થાના અધિકૃત અધિકારીની અનુમતી લેવાની રહેશે આ માટે તસ્વીર લેવા અંગેના ધારાધોરણનું પાલન કરવાનું રહેશે. સંસ્થાની બહાર કોઈપણ ઉદેશ્ય માટે આ ચિત્રો ફોટા અથવા વિડીયોની પૂર્વ મંજૂરી વગર ઉપયોગ કરી શકાશે નહીં. અગત્યનું એ છે કે તસ્વીર લેતા પહેલા બાળકોની સંમતી લેવી અને જે તે તસ્વીર બાળકોને બતાવવી જરૂરી છે. બાળક સગીર હોઈ વાલીની સંમતી લેવાની જરૂરી રહેશે.

(૩૩) કોઈપણ શૈક્ષણિક કે બિનશૈક્ષણિક સ્ટાફ, સ્વયંસેવક, મહેમાન અથવા ટ્રસ્ટીઓ પોતાના બાળક સિવાય અન્ય કોઈપણ બાળકની સાથે એવા કોઈપણ સ્થળે એકલા નહી રહે કે જ્યાં અન્ય જવાબદાર પુખ્ત વ્યકિતની સીધી દેખભાળ ન હોય.





(૩૪) જ્યાં સંભવ હોય અને વ્યવહારીક હોય ત્યાં બે પુખ્ય વ્યક્તિને સાથે રાખવાના નિયમનું પાલન કરવું (એટલે કે એક શિક્ષક ભાઈ અને એક શિક્ષક બહેન) આનો અર્થ એ છે કે બાળકો સાથે કાર્ય કરવાના સમયે ઓછામાં ઓછા બે પુખ્ત વ્યક્તિઓ આખો સમય સાથે હાજર રહેશે. જ્યાં આવું થવાની સંભાવના ન હોય ત્યારે વિકલ્પ શોધી કાઢવાની સલાહ આપવામાં આવે છે. ઉદાહરણ તરીકે બાળકોને રમવાના સમયે સમુદાયની અન્ય કોઈ વ્યકિત અથવા વ્યકિતઓને સાથે રાખી શકાય. શાળાના પ્રવાસે, તાલીમ કાર્યક્રમો, વિજ્ઞાનમેળા કે અન્ય પ્રવૃત્તિઓ દરમ્યાન શાળામાંથી વિદ્યાર્થી ભાઈ બહેનને પ્રતિનિધિત્વ કરવા બહાર મોકલવામાં આવે ત્યારે સંસ્થા એ ખાત્રી રાખશે કે શિક્ષક ભાઈ બહેન બન્નેને સાથે મોકલશે. શાળામાંથી પ્રવાસે અથવા બહારગામ જવાનું હોય ત્યારે બાળકોને હંગામી વીમો લેવામાં આવશે.

(૩૫) જરૂર હોય કે ના હોય પરંતુ બાળકોનો ઉપયોગ શાળાની પ્રતિષ્ઠા અથવા શાળાને ચઢિયાતી બતાવવા માટે પ્રદર્શન તરીકે કરવામાં આવે છે. અથવા વાતાવરણને ધ્યાનમાં લીધા વગર બાળકોને કલાકો સુધી મેદાનમાં બેસાડી રાખવા, રોડ પર ઉભા રાખવા, રેલીઓમાં જોડવા જેનાથી બાળકોના શૈક્ષણિક વિકાસનો કોઈ ફેર પડતો નથી તેવી બાબતોમાં બાળકોનો ઉપયોગ કરવો નહીં.

(૩૬) મહાનુભાવોના કાર્યક્રમમાં બાળકોનો ઉપયોગ થતો હોય છે. સુપ્રિમ કોર્ટની માર્ગદર્શિકા મુજબ બાળકોને આવા કાર્યક્રમોમાં લાંબા સમય સુધી જોડવા નહી. ઉપરોક્ત બાબતો અંગે સંસ્થા પોતાના વિવેકને આધિન બાળકના બિનજરૂરી પ્રદર્શન, રેલી સભા સરઘસો વિગેરેમાં ઉપયોગ અંગે વિશેષ કાળજી લઈ નિર્ણય લેશે.

(૩૭) સંસ્થાના કાર્યક્રરો, શિક્ષકો, મહેમાનો, સ્વયંસેવકો કે ટ્રસ્ટીઓ બાળકોને શિસ્તમાં રાખવા કોઈપણ પ્રકારની ખોટી પધ્ધતિઓનો ઉપયોગ નહી કરે જે **UNCRC** ની વિરૂધ્ધ હોય એટલે કે બાળકો સાથે કોઈપણ પ્રકારની શિક્ષાત્મક કાર્યવાહી કે હિંસા કોઈપણ સ્વરૂપમાં ચલાવવામાં આવશે નહી.

(૩૮) સંસ્થાના શિક્ષકો, મહેમાનો, સ્વયંસેવકો કે ટ્રસ્ટીઓને એ વાતનો ખ્યાલ હોવો જોઈએ કે ક્યારેક તેઓએ એવા બાળકો સાથે કામ કરવું પડશે કે જે પોતાની સ્થીતીને કારણે અથવા પોતાની સાથે થયેલ દુરાચારને કારણે તમારૂ ધ્યાન ખેંચવા કોઈપણ સંબંધની આડસ લઈ શકે છે. કોઈ બાળક પ્રલોભનકારી અથવા કામોતેજક ઢંગથી વ્યવહાર કરે તો પણ પુખ્તને જ જવાબદાર ગણવામાં આવશે આ માટે પુખ્ત વ્યકિતઓએ આપત્તીજનક અથવા શંકાપૂર્ણ સ્થિતિમાંથી બચવા શક્ય એટલો પ્રયત્ન કરવો જોઈએ, અને તેની જાણ શાળાના આચાર્ય તથા બાળ સુરક્ષા સમિતિને કરવી.

(૩૯) સંસ્થાની બાળ સંરક્ષણ નીતિમાં જણાવેલ વ્યવહારના ધારાધોરણોમાં નિષ્ફળતા, બાળકોની સાથે અનુચિત વ્યવહાર અથવા જાતીય દુરાચાર વિગેરે શિસ્ત અંગેની કાર્યવાહીનું કારણ બને છે. આના ફળ સ્વરૂપે સંબંધિત વ્યકિતને નોકરી / સ્વયંસેવક પદ / ઈન્ટર્નશીપ અથવા બોર્ડ કે એડવાઈઝરી બોર્ડના સભ્ય પદેથી છુટા કરવામાં આવશે. આ ઉપરાંત કોઈ વાલી કસુરવાર હશે તો તેઓને પણ શાળાથી દુર કરવામાં આવશે.

(૪૦) સંસ્થાના શિક્ષકો, મહેમાનો, સ્વયંસેવકો કે ટ્રસ્ટીઓ વગેરે બાળકો સાથેના પોતાના સંબંધો / કાર્યો અને ભાષાના સ્તર પર (વાણી) વર્તન, વ્યવહારના સ્તરે પોતાની ઉમદા છાપ અને પ્રતિષ્ઠાના સંદર્ભમાં હંમેશા સાવધાની રાખવી જોઈએ. બાળકોની સમક્ષ હંમેશા આચરણ અને ચારીત્ર્ય અંગેના ઉચ્ચ માપદંડોનો પાલન કરવું જોઈએ. ઉદાહરણ તરીકે હંમેશા સૌજન્યશીલ ભાષાનો જ ઉપયોગ કરવો.

(૪૧) સંસ્થાના શિક્ષકો, મહેમાનો, સ્વયંસેવકો કે ટ્રસ્ટીઓ વગેરેએ બાળકોને તેમના પરિવારને અથવા સમુદાયને મળવાના સમયે કે કાર્યક્રમો દરમ્યાન અથવા બાળકો

સાથે કામ કરતી વખતે સાંસ્કૃતિક રૂપે સંવેદનશીલ હોવું જોઈએ અને ઉચિત યોગ્ય કપડા પહેરવા જોઈએ.

(૪૨) જે બાળકો ગંભીર સમસ્યા ધરાવે છે અથવા જાતીય શોષણના ભોગ બનેલ છે, તેઓના સંદર્ભમાં સંસ્થાના શિક્ષકો, મહેમાનો, સ્વયંસેવકો કે ટ્રસ્ટીઓ જેમની પાસે અનુભવ નથી અથવા ઓછો અનુભવ છે તેઓ એ બાળકોની સંભાળ લેવાના બદલે આવા બાળકોની સંભાળ માટે કુશળ/અનુભવી શિક્ષકો અથવા વિશ્વસનીય સંસ્થાઓ કે નિષ્ણાંત વ્યકિતની જ મદદ લેશે.

(૪૩) સંસ્થાના શિક્ષકો, મહેમાનો, સ્વયંસેવકો કે ટ્રસ્ટીઓએ કોઈપણ પરીસ્થિતિમાં અન્યની સાથેના કોઈપણ પ્રકારના સંબંધોમાં સંસ્થાની બાળ સંરક્ષણ નીતિના મૂલ્યોનું પાલન કરશે.

(૪૪) બાળકોને પ્રસંગોપાત અથવા નિયમિત રીતે અલ્પાહાર અથવા ભોજન આપવામાં આવે ત્યારે આરોગ્યની કાળજી લેવા તથા ગુણવત્તાને ધ્યાનમાં લેતા શિક્ષકમિત્રોની મદદથી અગાઉ ચકાસીને પછી આપશો.

**(૫) નિમણૂંક અને તપાસ :**

(૧) સંસ્થાના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ, મહેમાનો, સ્વયંસેવકો કે ટ્રસ્ટીઓની તેઓના ચારીત્ર્ય અંગે સાવધાનીપૂર્વક અને ઊંડી તપાસ કર્યા બાદ જ નિમણૂંક આપવામાં આવશે, જરૂર જણાશે તો અને સંભવ હશે તો પોલીસ દ્વારા પણ તપાસ કરાવવામાં આવશે.

(૨) સંસ્થાના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ અને સ્વયંસેવકોની ભરતી સમયે ગંભીરતાપૂર્વક ચારીત્ર્ય અંગે સંપૂર્ણ તપાસ કરવામાં આવશે તેઓએ બાળ સંરક્ષણ નીતિ પર સહી કરવા માટેની સંમતિ આપવી પડશે અને જાહેર કરવું પડશે કે બાળકો સાથે કોઈપણ પ્રકારનો દુર્વ્યવહાર/હિંસક વ્યવહાર કે અનુચિત અથવા ગેરકાયદેસર આચરણ કર્યા નથી અથવા ક્યારેય દોષીત ઠરાવવામાં આવ્યા નથી.

(૩) સંસ્થા યોગ્ય લાગેલ ઉમેદવારોના દરેક રેફરન્સની તપાસ કરશે. ઉમેદવારોએ જેમના નામ રેફરન્સ તરીકે આપ્યા છે તેમની સાથે ટેલીફોન દ્વારા કે લેખિત પત્રવ્યવહાર દ્વારા જરૂરી તપાસ કરશે અને ત્યારબાદ જ ઉમેદવારને નીમણૂંક આપશે અને આ સઘળી માહિતી સ્ટાફ ફાઈલમાં મુકવામાં આવશે. જો ઉમેદવારના બેકગ્રાઉન્ડની તપાસ કરતા ખ્યાલ આવે કે આ વ્યક્તિ બાળકો સાથે કામ કરવા માટે લાયક નથી તો સંસ્થા દ્વારા આ વ્યકિતને કામ ઉપર ન રાખવાનો અધિકાર રહેશે.

(૪) સંસ્થાના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ, ટ્રસ્ટીઓ, મહેમાનો, વાલીગણ એ વાત સાથે સહમત છે કે જો તેઓને એવી કોઈ જાણકારી મળશે જેના આધાર પર પોતાના સહ કાર્યકર બાળકોની વચ્ચે કામ કરવા માટે લાયક નથી તો આ વાત તત્કાળ સંસ્થાના વડાને જણાવશે / જાણમાં લાવશે. આ માહિતીને ગુપ્ત રાખવામાં આવશે અને ઉચિત કાર્યવાહી માટે સંબંધિત ટીમના સભ્યો સામે મૂકવામાં આવશે.

(૫) જેમને સ્વતંત્ર કન્સલટન્ટના કે વોલીન્ટીયર સ્વરૂપમાં કામ ઉપર રાખવામાં આવશે તેઓને પણ બાળ સંરક્ષણની નીતિની જાણકારી આપવામાં આવશે અને તેઓ પણ આ ધારાધોરણનું પાલન કરે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

(૬) બાળકોના હિતને ધ્યાનમાં રાખતા સંસ્થા એવી કોઈપણ વ્યકિતને કામ ઉપર નહી રાખે કે જે બાળકો સાથે દુર્વ્યવહાર/જાતીય શોષણ અથવા ગેરકાયદેસર આચરણ કરવા માટે સજા મેળવી ચૂકી હોય.

**(૬) બાળ સુરક્ષા સમિતિની રચના :**

(૧) સંસ્થામાં બાળ સંરક્ષણ નીતિના અસરકારક પાલન માટે બાળ સુરક્ષા સમિતિની રચના કરશે. આ સમિતિમાં સંસ્થાના ટ્રસ્ટીઓનો સમાવેશ કરવામાં આવશે નહી. સમિતિમાં સંસ્થાના એક સીનીયર શિક્ષક ભાઈ અને એક સીનીયર શિક્ષક બહેન તથા સંસ્થાના બહારની કોઈ બાળપ્રવૃતિ સાથે જોડાયેલ વ્યક્તિ અથવા સંસ્થાના પ્રતિનિધિ ની નિમણૂંક









કરવામાં આવશે. ઉપરાંત શાળાના વાલીગણમાંથી એક ભાઈ/બહેન તેમજ બે વિદ્યાર્થી અને બે વિદ્યાર્થીનીઓની નિમણુંક કરશે. આ ઉપરાંત જે શાળામાં શાળા વ્યવસ્થાપન સમિતિની રચના થયેલ છે તેના બે પ્રતિનિધિ તથા ગામના આગેવાનની નિમણુંક કરવામાં આવશે. આમ આ સમિતિના કુલ ૯ અથવા ૧૨ સભ્યો રહેશે. આ સમિતિની મુદત બે વર્ષની રહેશે અને દર બે વર્ષે સંસ્થાના તમામ હિતધારકોની ઉપસ્થિતિમાં સભ્યોની નવી નિમણુંક કરવામાં આવશે. આ નિમણુંક માટે સંસ્થાના હિત ધારકો જરૂર પડે ચુંટણી પણ કરશે, પરંતુ બાળકોના હિતને હંમેશા પ્રાધાન્ય આપી યોગ્ય વ્યક્તિ નિમણુંક પામે તે માટે જરૂરી ચર્ચા કરી સભાનતા સાથે યોગ્ય નિર્ણય કરશે. સમિતિના વડા તરીકે સંસ્થાના સીનીયર શિક્ષક ભાઈ કે બહેન રહેશે. આ સમિતિની સામાન્ય રીતે દર ૩ મહિને મીટીંગ યોજાશે પરંતુ આકસ્મિક જરૂરિયાત વેળાએ તત્કાળ મળશે. આ સમિતિના સભ્યોના નામની યાદી ફોન નંબર વિગતો સાથે શાળાના નોટીસબોર્ડ પર કાયમી ધોરણે મૂકવાની રહેશે. સમિતિના સભ્યોએ બાળસુરક્ષા અંગે તાલીમ પ્રાપ્ત કરી હશે. શાળાના તમામ બાળકો અને હિતધારકો પાસે સમિતિના સભ્યો અંગે માહિતી હશે તેમજ ફરિયાદ કરવા માટેની પ્રક્રિયા વિશે પણ જાણકારી હશે.

(૨) બાળ સુરક્ષા સમિતિ બાળકોની સુરક્ષાને લઈને સરકારના કાયદા હેઠળ રચાયેલ જિલ્લા બાળ કલ્યાણ સમિતિ તથા જિલ્લા બાળ સુરક્ષા એકમનું માર્ગદર્શન મેળવી કાર્ય કરશે, તેમજ ચાઈલ્ડ હેલ્પ લાઈન તથા જુવેનાઈલ પોલીસની મદદ પણ મેળવશે.

**(૭) સંસ્થાના કાર્યકરો, સ્વયંસેવકો કે ટ્રસ્ટીઓ ઉપર લગાડવામાં આવેલ આરોપોની પ્રતિક્રિયા**

(૧) સંસ્થાના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ, વાલીગણ, મહેમાનો, સ્વયંસેવકો કે ટ્રસ્ટીઓ વાર્ષિક બાળ સુરક્ષા પ્રશિક્ષણ દરમ્યાન અથવા અન્ય પ્રસંગો પર સંસ્થાની અંદર દુર્વ્યવહારો અંગેની આશંકા વિશે ખુલીને ચર્ચા કરે તે માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. ( આ ચર્ચા દરમ્યાન બાળક અને સંબંધિત વ્યક્તિના નામ ગોપનિય રાખશે.)

(૨) સંસ્થાના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ, વાલીગણ, મહેમાનો, સ્વયંસેવકો કે ટ્રસ્ટીઓ ઉપર કોઈ બાળક સાથે દુરાચાર કર્યાનો આરોપ મુકવામાં આવે ત્યારે તે સ્થિતીને પહોંચી વળવા માટે ઉચીત કાર્યવાહી કરવામાં આવશે.

(૩) આવા કોઈપણ આરોપોને ગુપ્ત રાખવામાં આવશે. આવા આરોપો અંગે માત્ર એ લોકોને જ જાણકારી મળશે જે આ સાથે પ્રત્યક્ષ રીતે સંકળાયેલા હોય.

(૪) સંસ્થાના આરોપ પત્રમાં તમામ હકીકતોને લખવામાં આવશે અને તે ગુપ્ત રાખવામાં આવશે.

(૫) જો ગુપ્તતાનો ભંગ કરે કે તેમ કરવાના પ્રયાસ કરતા માલુમ પડશે તો તેમની વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે, લેખીત ચેતવણી પણ આપવામાં આવશે.

(૬) કોઈપણ પ્રકારની તપાસ ગુપ્ત રાખવામાં આવશે અને આ તપાસ સંસ્થાના બહારના કોઈની સલાહ અને માર્ગદર્શન મુજબ કરવામાં આવશે.

(૭) આવા કોઈપણ આરોપના સમયે જવાબદારી સુનીશ્ચીત થઈ શકે અને પારદર્શકતા જળવાય તે માટે કાયદાકીય સંસ્થાનો તેમજ બાળક કલ્યાણ સમિતિ (CWC) સાથેના સંબંધોને પ્રોત્સાહિત કરવામાં આવશે.

(૮) આવી કોઈપણ પ્રક્રિયાની શરૂઆતથી અંત સુધી સંબંધિત બાળક અને કથિત શંકાસ્પદ વ્યક્તિની સાથે સન્માન ભર્યો વ્યવહાર કરવામાં આવશે.

(૯) સંસ્થાના કોઈ પણ બાળકો પર થયેલ દુરાચારના આરોપીની યોગ્ય અને ન્યાયી તપાસ કર્યા વગર આરોપોનું ખંડન નહી કરે કે તપાસ અધુરી મુકશે નહી પછી ભલેને શંકાસ્પદ વ્યકિત કોઈપણ કેમ ન હોય.

(૧૦) જો સંબંધિત બાળકને વધારાની સુરક્ષાની જરૂરત હોય તો સંસ્થા અન્ય સંસ્થાઓને (સરકારી/સામાજિક) સાથે મળી યોગ્ય પગલા લેશે.

(૧૧) તપાસ અને આરોપ સંબંધિત તમામ હકિકતો, તથ્યો, માહિતીને રેકોર્ડ પર રાખવામાં

આવશે અને સમિતિ દ્વારા પુરી સાવધાની સાથે ગુપ્ત રહે તે રીતે ફાઈલમાં સુરક્ષિત રાખવામાં આવશે. અને સરકારી તંત્રોની મદદથી ઉચિત કાર્યવાહી કરશે.

(૧૨) જો કોઈ ઘટનામાં કોઈ વિદેશી સંકળાયેલ માલુમ પડશે તો સંબંધીત દુતાવાસને જિલ્લા કલેકટર કે જિલ્લા પોલીસ અધિકારીની મદદથી જાણ કરવામાં આવશે.

(૧૩) જો જરૂર જણાય તો મીડિયા અને પોલીસ સાથે વ્યવહાર કરવા માટે સંસ્થાના પોતાના કોઈ પ્રતિનિધિને જવાબદારી સોંપશે. સમિતિ પહેલેથી જ એ વાતનો વિચાર કરશે કે આમાં પોલીસ કે મીડિયાને કેવી રીતે અને ક્યારે સામેલ કરવા કે જાણ કરવી, અને પારદર્શક રીતે પણ સંબંધિત વ્યક્તિ કે બાળકની ઓળખ અને પ્રતિષ્ઠાને પણ ધ્યાનમાં રાખશે.

(૧૪) બાળ સુરક્ષા સમિતિની દરેક મીટીંગ તથા કિસ્સાઓ અંગેના અહેવાલ નિયમિત રીતે જિલ્લા બાળ સુરક્ષા એકમને મોકલવાના રહેશે, અને જરૂર પડે તેઓ પણ સંસ્થાને બાળકોના હિતમાં મદદ માર્ગદર્શન આપશે અથવા બાળકની સુરક્ષા અંગે વિશેષ વ્યવસ્થા ઉભી કરશે.

**(૮) પ્રકિર્ણ :**

(૧) સ્થાનિક પોલીસ, સરકારી અથવા બિન સરકારી સામાજિક સેવાઓ / ડોકટરો / વકિલો / સામાજિક કાર્યકરો અને શિક્ષકો સાથે સંબંધ બનાવવામાં આવશે. આ તમામ વ્યકિતઓને સંસ્થાના વાર્ષિક બાળ સંરક્ષણ પ્રશિક્ષણ સત્રોમાં સામેલ થવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. આમ તેઓ સહભાગી પણ થશે અને પોતાના સમુદાયની માહિતીનું આદાન પ્રદાન કરવાની ભૂમિકા પણ ભજવશે.

(૨) જયારે પણ સંસ્થાના કોઈપણ હિતધારકને એવું લાગે કે કોઈ બાળક સાથે દુરાચાર થઈ રહ્યો છે (ભલે સંસ્થાના ક્ષેત્રની બહારનો હોય તો પણ બાળકના હિતમાં સંસ્થાની બાળ સુરક્ષા સમિતિને જાણ કરવાની રહેશે અને તરતજ સ્થાનીક શાસનોને જાણ કરવામાં આવશે.)

(૩) સંસ્થાનું માનવુ છે કે બાળકો સાથે દુરાચાર કરનાર લોકો મોટા પાયે ઈન્ટરનેટ તથા મોબાઈલ વિગેરેનો ઉપયોગ કરે છે બાળકો સાથેના દુરાચારને ઉતેજન આપવા માટે ચિત્રો સાથે ખુબ બધી હરકતો કરવામાં આવે છે. આ તથ્યને ધ્યાનમાં રાખી સંસ્થા પોતાની વેબસાઈટ પર કોઈ એકાદ બાળકની તસ્વીરોના બદલે બાળકોના સમૂહની તસ્વીરોને પ્રકાશીત કરશે. આ વેબસાઈટ પર ક્યારેય કોઈ ખતરનાક સ્થિતિમાં બાળકો મોજુદ હોય અથવા ગેરઆચરણ સંબંધિત તસ્વીરોને પ્રદર્શીત કરશે નહી. શાળામાં મોબાઈલ ફોન રાખવા પર સરકારી પ્રતિબંધ છે તેનું વિશેષ કાળજી લઈ વિશેષ પાલન કરવામાં આવશે.

(૪) જયારે પણ બાળકોની તસ્વીરોનો ઉપયોગ કરવાનો હોય ત્યારે સંસ્થા બાળકોની ઓળખ અને ભૌગોલીક પૃષ્ઠભુમીને છુપાવવાનો વિશેષ પ્રયાસ કરશે.

(૫) બાળકોના ભુતકાળની અથવા વર્તમાન દુરાચારો અંગેની જાણકારી તથા તેને ઈજા પહોંચાડનાર વ્યક્તિઓ અંગેની જાણકારી કેવળ એવા લોકોને જ ઉપલબ્ધ કરાવવામાં આવશે જેમને આ જાણકારી મેળવવી જરૂરી છે.

(૬) સંચાર માધ્યમોમાં કેવળ એવી તસ્વીરોનો જ પ્રયોગ કરવામાં આવશે જેમાં બાળકો સન્માનજનક અને સહજ સ્થિતીમાં દેખાય છે. તેમને પીડિત સ્વરૂપમાં દર્શાવતી તસ્વીરોનો ઉપયોગ કરવામાં આવશે નહી. તસ્વીરોમાં બાળકોએ કપડા પુરા પહેરેલા હોય તેમજ તેઓની મુદ્રા ઉતેજક અથવા અસામાન્ય નહી હોય, સત્તા સંબંધોને સમર્થન આપતી ભાષાથી બાળકોને બચાવવાની કોશિષ કરવામાં આવશે.

(૭) સંસ્થાના વિડીયો અથવા ફોટોગ્રાફ વગેરે સંસાધનો નો ઉપયોગ કોઈ વ્યકિત કે સંગઠનોને કરવાની ઈચ્છા હોય તો તેઓએ સંસ્થા સમક્ષ લેખીત સંમતી લેવાની રહેશે. આ સંસાધનોનો વ્યાજબી ઉપયોગ જણાવેલ ચોક્કસ હેતુ માટે કરવા માંગે છે તે પણ જણાવવાનું રહેશે. જો તે અન્ય હેતુ માટે આ સામગ્રીનો ઉપયોગ જે તે વ્યકિત કે સંગઠન કરશે તો તેની વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી થઈ શકે છે. આ ઉપરાંત આ સામગ્રીનો જણાવેલ હેતુ કે વ્યાજબી ઉપયોગ ન કરવાની અવસ્થામાં સંસ્થા દ્વારા તેવું માની લેવામાં









આવશે કે આ સામગ્રીની તેઓને જરૂર નથી અને તે માટે આપવામાં આવેલ સામગ્રી તત્કાળ રદ ગણાશે આ સામગ્રી તુરંત પરત કરવાની રહેશે.

(૮) સ્વયંસેવકો કે મહેમાનો દ્વારા બાળકો સાથેના સીધા જ અંગત પત્રવ્યવહારને સંસ્થામાં પ્રોત્સાહન આપવામાં આવતું નથી. જો અંગત પત્રવ્યવહાર માટે કોઈ મજબુત આધાર મળતો હોય તો પણ સંસ્થા આ પત્રવ્યવહારની તપાસ કરી સુનિશ્ચિત કરશે કે આમાં કોઈ અનુચીત કે પ્રલોભન વાળી ભાષા કે કોઈપણ પ્રકારની અશ્લીલતાનો ઉપયોગ થયો છે કે કેમ જો આવું જણાશે તો સંસ્થા જે તે વ્યક્તિ સાથે પોતાના સંબંધ તોડવાનો નિર્ણય કરશે.

**(૯) પ્રશિક્ષણ મૂલ્યાંકન અને મોનીટરીંગ :**

(૧) સંસ્થા એ સુનિશ્ચિત કરશે કે બાળ સંરક્ષણ નીતિ પર સંસ્થાના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ, કાર્યકરો, સ્વયંસેવકો, ટ્રસ્ટીગણ કે મહેમાનો સંમતિ આપતી સહી કરે તે પૂર્વે તેઓને આ નીતિની સમજૂતી વિષે પૂરો ખ્યાલ હોય. આ પ્રશિક્ષણ દરેક નવા સભ્યો / કાર્યકરો માટે અનિવાર્ય રહેશે. આ અંગેની તાલીમ સંસ્થા સ્થાનિક નિષ્ણાંતો દ્વારા સંચાલન કરશે. આ તાલીમમાં બાળ દૂરાચારોની પરિભાષા, લક્ષણો, કારણો અને સૂચનો આપવા માટે કરવામાં આવેલ બાળ સંરક્ષણ નીતિનો મુસદ્દો રીપોર્ટીંગની વ્યવસ્થા, કાયદા અને સ્થાનિક બહુઆયામી ઉપાયો વિષે જાણકારી આપવામાં આવશે.

(૨) સંસ્થા બાળ સંરક્ષણ પ્રણાલી અને વ્યવહાર અંગેના માપદંડો વિશે સતત મૂલ્યાંકન અને મોનીટરીંગ કરતી રહેશે. કાર્યકરોના વાર્ષિક મૂલ્યાંકનમાં તેઓને સક્રિયપણ સાંભળવા, ગતિવિધિ અને વ્યવહાર દ્વારા જે સક્ષમતા પ્રાપ્ત કરી છે તે અંગે તેમજ સમર્થન કરવા સમયે થતો આગ્રહ અને બાળ સુરક્ષાના મૂળભૂત મુદ્દાઓની જાણકારીની સામેલગીરી કરવામાં આવશે.

(૩) વર્ષમાં એક વાર દરેક શૈક્ષણિક  બિન શૈક્ષણિક સ્ટાફ, કાર્યકરો, સ્વયંસેવકો, ટ્રસ્ટીગણ વિ. ને એકબીજાના વ્યવહારોને તપાસવા માટે સ્વમૂલ્યાંકન અને સાથી મૂલ્યાંકનમાં ભાગ લેવાની તક આપવામાં આવશે.

(૪) જો કોઈ શંકા / સંદેહ ઉભો થાય તો બાળ સુરક્ષા સમિતિ સાથે પરામર્શ કરવામાં આવશે.

## :: પ્રતિબધ્ધતાની ઘોષણા ::

આ દસ્તાવેજ બાળ સંરક્ષણ નીતિ સંસ્થાના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ, સ્વયંસેવકો, ટ્રસ્ટીગણ, મહેમાનો, વાલીગણ તથા સાથે સંકળાયેલ સાથી સંસ્થાઓ/સંગઠનો ને બંધનકર્તા છે, જેની નકલ સંસ્થાના કાર્યાલયની ફાઈલમાં રાખવામાં આવી છે. અને આ દસ્તાવેજ પર ..............................................................વતી હું નીચે સહી કરનાર શ્રી..................................................ઘોષણા કરૂ છું કે સંસ્થાની બાળ સંરક્ષણ નીતિ અમારી સંસ્થામાં સમજી વિચારીને બાળકોના હિતમાં સ્વીકાર કરી છે. અને તેનો અમલ સાતત્યપૂર્ણ રીતે કરવાની બાંહેધરી આપું છું.

તારીખ : ...................... સ્થળ : ................................................

સંસ્થાનો સિક્કો

(સહી).............................................

નામ : .............................................

હોદ્દો : ............................................

---------------- નીચેથી કાપીને જિલ્લા બાળ સુરક્ષા એકમને મોકલવવાનુ સંમતિપત્ર ----------------


## :: પ્રતિબધ્ધતાની ઘોષણા ::

આ દસ્તાવેજ બાળ સંરક્ષણ નીતિ સંસ્થાના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ, સ્વયંસેવકો, ટ્રસ્ટીગણ, મહેમાનો, વાલીગણ તથા સાથે સંકળાયેલ સાથી સંસ્થાઓ/સંગઠનો ને બંધનકર્તા છે, જેની નકલ સંસ્થાના કાર્યાલયની ફાઈલમાં રાખવામાં આવી છે. અને આ દસ્તાવેજ પર ..............................................................વતી હું નીચે સહી કરનાર શ્રી..................................................ઘોષણા કરૂ છું કે સંસ્થાની બાળ સંરક્ષણ નીતિ અમારી સંસ્થામાં સમજી વિચારીને બાળકોના હિતમાં સ્વીકાર કરી છે. અને તેનો અમલ સાતત્યપૂર્ણ રીતે કરવાની બાંહેધરી આપું છું.

તારીખ : ...................... સ્થળ : ................................................

સંસ્થાનો સિક્કો

(સહી).............................................

નામ : .............................................

હોદ્દો : ............................................


બાળ સંરક્ષણ નીતિ



બાળ સંરક્ષણ નીતિ



## બાળ સંરક્ષણ નીતિ

**સંસ્થા સાથે સંકળાયેલ તમામ શૈક્ષણિક/બિન શૈક્ષણિક સ્ટાફ, સ્વયંસેવકો, ટ્રસ્ટીગણ, મહેમાનો, વાલીગણ પાસેથી લેવાનું બાહેંધરી પત્ર**

૧. .......................................................................(સંસ્થાનું નામ) સંસ્થાની બાલ સંરક્ષણ નીતિ સમજૂતીના દસ્તાવેજને વાંચ્યો છે તેમજ તેની સમજ છે. બાળ સરંક્ષણ નીતિ અંગેની તાલીમમાં ભાગ લીધો છે/ભાગ લઈશ.

૨. હું સંસ્થાની બાળ સંરક્ષણ નીતિમાં ઉલ્લેખ કરેલ પ્રણાલીઓ મુજબ કામ કરીશ.

૩. મને શારીરિક અથવા જાતીય દુરાચાર માટે દોષિત ઠરાવવામાં આવેલ નથી.

૪. મને એ ખબર છે કે સંસ્થાની કામગીરી દરમ્યાન મારી વિરૂદ્ધ બાળ દુરાચારની કોઈ ફરીયાદ આવશે તો તે યોગ્ય અધિકારી / બાળ સુરક્ષા સમિતિ દ્વારા ગહન તપાસ થશે. આ તપાસમાં સહયોગ આપવાની મારી જવાબદારી રહેશે.

તારીખ : સહી :

સ્થળ : નામ :

(નોંધ : આપ આ બાંહેધરીપત્રના અનુસંધાનમાં અલગ પત્ર ન લેતા રજીસ્ટર બનાવીને સહી લઈ શકો છો)